# ધાનેરામાં ડુપ્લીકેટ તેલ-ઘીનો ઠલવાતો જથ્થો



ધાનેરા, તા. ૧

દેશમાં ભ્રષ્ટાચાર ઓછો થાય તેવી રણનિતી ફક્ત કાગળો પર ચાલી રહી છે. વડાપ્રધાન ભ્રષ્ટાચાર દેશમાંથી દુર કરવાની વાતો કરે છે ત્યારે ડુપ્લીકેટ તેલ અને ઘી નો માલ ધાનેરા શહેરની બજારોમાં ઠલવાઈ રયો છે. ત્યારે ઘી અને તેલનાં જથ્થાંના વહેપારી ઓછા ભાવે ભેળસેળ માલ ખરીદીને લોકો સુધી પહોંચે છે અને લોકોનાં આરોગ્યને નુકસાન પહોચે છે. ડીસા શહેરમાં ચાલતી આવી ફેકટરી શું ? અધિકારીઓનાં છતી નથી પરંતુ હપ્તાઓ આવતાં હોવાથી દુનિયા જાય તેલ લેવા તેવાં વિચારો રાખતા અધિકારીઓ પોતાનું કરવામાં મશગુલ છે.

ધાનેરા મામલતદાર પણ તાકીદે દુકાનો પરનો માલ અને બિલ વગરનાં ડુપ્લીકેટ તેલની તપાસ કરે તો મોટો જથ્થો ધાનેરા ખાતે મળે તેવી શક્યતાં છે. હવે જોવાનું એ છે કે અધિકારીઓ કેટલાં ઈમાનદાર છે તે તપાસ દ્વારા જોવા મળશે.

## હિંમતનગરમાં લગ્ન કરી આપવાના બહાને ૪.૨૪ લાખની ઠગાઈ

**ઠગાઈ કરતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ**

હિંમતનગર, તા. ૧

વિજયનગરમાં રહેતા એક યુવકને રાજસ્થાનના ત્રણ શખ્સોએ થોડા મહીનાઓ અગાઉ લગ્ન કરાવી આપવાનું કહી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. ૪.૨૪ લાખની ઠગાઈ કરતા ત્રણેય જણા વિરૂદ્ધ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે વિજયનગરની ઉપલી ફળીમાં રહેતા મહેન્દ્રસિંહ રામસિંહ રાણાવતે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૦-૧૦-૧૭તથા તા. ૧૫-૧-૧૮ દરમિયાન રાજસ્થાનના જોધપુર ખાતે રહેતા પ્રેમકુવર જગદીશસિંહ સિસોદીયા, પ્રકાશસિંહ જગદીશસિંહ સિસોદીયા અને સુરજકુવર જગદીશસિંહ સિસોદીયાએ ભેગા મળી મહેન્દ્રસિંહને લગ્ન કરાવી આપવાનું કહી શરૂઆતમાં રૂ. ૧ લાખ ઉછીના લીધા હતા. ત્યારબાદ પ્રકાશસિંહ અને સુરજકુવરે મહેન્દ્રસિંહની પત્નિ માટે સોના-ચાંદીના રૂ. ૩ લાખના દાગીના લીધા હતા તથા રૂ. ૨૪ હજારનુ લેપટોપ વાપરવાના બહાને લઈ ગયા હતા જે પરત ન આપતા તથા મહેન્દ્રસિંહની પત્નિને નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી જેથી કંટાળીને મહેન્દ્રસિંહે ત્રણેય જણા વિરૂદ્ધ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અરવલ્લી જિલ્લામાં આંતર રાજ્ય સરહદે મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાની આંતર રાજ્ય સરહદે મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરનો ધંધો ધમધોકાર રીતે નભી રહ્યાનું નજરે ચઢે છે. આના કારણે સ્ટેટ ટ્રાન્સપોર્ટ, સરકારી અર્થતંત્ર અને જાહેર જનતાની સલામતી બધુજ દાવ પર મુકી દેવાયુ છે. જાણ કે અર્થતંત્રને બિંધાસ્તપણે સરકારી તંત્ર લુંટી રહ્યું છે.

વિગત એવી છે કે મેઘરજ તાલુકાનો પછાત અને આદિવાસી વિસ્તાર જાણે નધણીયાત હોય તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે. સુરદાસને પણ અહેસાસ થાય કે સમથીંગ ઈઝ રોંગ છતાં પચાસ પચાસ મુસાફરોને ફર્સ્ટ ક્લાસ અને બાલ્કનીની જેમ જીપોમાં બેસાડી હેરાફેરી નજરે ચઢે છે છતાં પોલીસતંત્રને નજરે ચડતી નથી. કાસ ક્યાંક દુર્ઘટના ઘટે તો જાનમાલની હાની બાદ સરકારી હોકેમો ભ્રષ્ટ તંત્રને છાવરવા સરકારી સહાયના દેખાડા કરી ગુનાહીત કૃત્ય છાવરવા દોડી આવશે પણ પ્રજાની સલામતીને રસ્તે રઝળતી લાવારીશ લાશ માની લેવાય છે. મેઘરજ તાલુકામાં જવાબદાર સરકારી તંત્ર એકબીજાને ખો આપીને પેસેન્જરોની ગેરકાયદે હેરાફેરી માટે સમગ્ર વિસ્તાર ભાડા પટ્ટે આપી દીધો હોય તેવુ નજરે ચઢે છે. મેઘરજના મામલતદાર, ટીડીઓ તથા અન્ય પ્રજાની સલામતી જાહેર સુખ સગવડની જરૂરિયાત પ્રત્યે આંખ આડા કાન કરી શકે ખરા ? શુ પોલીસ ખાતાનો કાન ન પકડી શકે ?

## મોડાસાના મોટી ચીચણો ગામે

# વનવિભાગે તળાવમાં વૃક્ષો વાવી બુદ્ધિ પ્રદર્શન કર્યું

મોડાસા, તા. ૧

મોડાસા તાલુકાના મોટી-ચીચણો ગામે આવેલા ગૌચરમાં થોડાક વર્ષો અગાઉ પાણીની સમસ્યા નિવારવા વરસાદી પાણીના સંગ્રહ માટે તળાવનું નિર્માણ કરવામાં આવ્યું હતુ અને ગૌચરની અન્ય જગ્યા ગ્રામપંચાયત દ્વારા વનવિભાગ તંત્રને વૃક્ષો ઉછેર માટે સોંપવામાં આવતા વનવિભાગ તંત્ર જાણે બુદ્ધિનું દેવાળિયું ફૂંકતા હોય તેમ તળાવમાં પણ છોડ વાવતા લોકોમાં વનવિભાગ તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે. વરસાદી પાણીનો પ્રવાહ પણ રોકવાનો વન વિભાગ તંત્ર દ્વારા પ્રયત્ન કરતો હોય તેવી રીતે ચીચણોથી ઈટાડી જતા રોડ પર બનાવેલી ડીપ નીચેના ભૂંગળા આગળ માટીના મોટા પાળા બનાવી દેવામાં આવતા ચીચણો ગામના તળાવમાં પાણી કઈ રીતે ભરાશે તે ગામલોકોના મનમાં યક્ષ પ્રશ્ન ઉદભવ્યો છે.

ચીચણો ગામના ગૌચરમાં બનાવેલ તળાવ પર વનવિભાગ તંત્રએ કબ્જો જમાવી દીધો હોય તેવો ઘાટ સર્જાયો છે ચીચણો ગ્રામ પંચાયતના ગૌચરમાં ગ્રામ પંચાયત દ્વારા ઉનાળામાં પીવાના પાણીની અને પશુઓ માટે પીવાના પાણીની તંગી નિવારવા માટે તળાવ બનાવવામાં આવ્યું હતું તદઉપરાંત ગૌચરની બચેલી જગ્યા વનવિભાગ તંત્રને વૃક્ષો વાવવા માટે અપાતા વન વિભાગ તંત્રએ બુદ્ધિનું દેવાળિયું ફૂંકતા હોય તેમ તળાવમાં પણ વૃક્ષો વાવી દેતા ગામલોકોમાં ભારે અચરજ ફેલાયું છે અને તળાવમાં વરસાદનું પાણી ન પ્રવેશે તે માટે રોડ પર બનાવેલી ડીપ નીચેના ભૂંગળામાંથી ગામનું વરસાદી પાણી અટકાવવા માટીના પરીના નાખી દેતા ગામલોકોમાં વનવિભાગ તંત્ર સામે ઉગ્ર રોષ ફેલાયો હતો.

ગુજરાત રાજ્ય જળ સંચય રહી છે અને વરસાદી પાણી તેવા પ્રયત્નો કરતુ હોવાનું મોટી



અભિયાન અંતર્ગત કરોડો રૂપિયાના ખર્ચે તળાવો ઉંડા કરી ટકાવવા અથાગ પ્રયત્નો બીજીબાજુ સરકારી તંત્ર જ તળાવ ઊંડું રહે ચીચણો ગામના સરપંચે જણાવ્યું હતું.

## અરવલ્લી જિલ્લામાં જળ સંચય અભિયાનનો સમાપન કાર્યક્રમ સંપન્ન

**સાધુ, સંતો, અધિકારીઓ, પદાધિકારીઓ અને પ્રજાજનોની ઉપસ્થિતિમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા**



મોડાસા, તા. ૧

રાજ્યમાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે તેવા સુભાશયથી સમગ્ર રાજ્યમાં ૧લી મે થી શરૂ કરાયેલ જળ સંચય યોજનાના ભાગરૂપે અરવલ્લીમાં પણ એક મહિનાથી તળાવો ઉંડા કરવા સહિતના કામો હાથ ધરાયા હતા જેનો સમાપન સમારોહ મોડાસા નજીક કેશરપુરાકંપા ગામે તળાવ ઉપર યોજવામાં આવ્યો હતો. પ્રારંભે નર્મદા જળ પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જિલ્લાના પ્રભારી અને વન મંત્રી રમણલાલ પાટકરે પ્રાસંગિક ઉદબોધનમાં આ યોજના થકી પીવાના પાણીની સુવિધા વધવા સાથે સિંચાઈ માટે પાણી સુવિધા વધતા કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ થશે તેમ જણાવ્યું હતું. તેમણે રાજ્ય સરકારની વિવિધ લોક કલ્યાણની યોજનાઓનો ચિતાર આપ્યો હતો. જિલ્લામાં નિર્ધારિત લક્ષાક કરતા વધુ તળાવો ઉંડા કરવાનું કામ થતા વહીવટી તંત્ર તેમજ લોક ભાગીદારી કરનાર વ્યક્તિઓ, સંસ્થાઓને બિરદાવી હતી. સાબરકાંઠા બેક પ્રતિનિધિ અને સાબરડેરી પ્રતિનિધિને પ્રભારી મંત્રી પાટકરના હસ્તે પ્રશંસાપત્ર એનાયત કરાયા હતા. ગુજરાત બાળ અધિકાર આયોગના ચેરેમેન જાગૃતિબેન પંડ્યાએ પણ જળ સંચય યોજનામાં લોક ભાગીદારીને બિરદાવી હતી અને સરકારની આ યોજનામાં થતા ફાયદાનો ચિતાર આપ્યો હતો. ચીફ સેક્રેટરી ટૂ સીએમ કે. કૈલાસનાથન, જિલ્લા કલેકટર નગરાજન, જિલ્લા ભાજપના પ્રમુખ રણવીસિંહ ડાભી, જિ. વિ. અધિકારી વગરે અધિકારીઓ ઉપરાંત જિલ્લા અને તાલુકાના સંગઠનના પદાધિકારીઓ, પૂર્વ ધારાસભ્યો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, સિંચાઈનાં કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેરો, જિલ્લા જળ સિંચાઇ અભિયાનના ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ અને ગામડાઓમાંથી સરપંચો, ખેડૂતો, કાર્યકરો, સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભે જિલ્લા કલેકટર નાગરાજને જિલ્લાની કામગીરીનો અહેવાલ આપવા સાથે આ અભિયાનની મહત્તા જણાવીને ઉપસ્થિતિ મંત્રી સહિતના સૌને આવકાર્યા હતા અંતમાં સિંચાઈ.સ્ટેટના કાર્યપાલક ઈજનેર વ્યાસે આભાર દર્શન કર્યું હતું.

## પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં છ સામે પોકસોની ફરીયાદ

**મરજી વિરૂધ્ધ શારીરીક સંબધ બાંધી બળાત્કાર કરતાં છ વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ભોગ બનનાર સગીરા યુવતી દ્વારા ફરીયાદ**

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ધડકણ ખાતે બે યુવતીઓનાં ફોટા પાડી બદનામ કરવાની ધમકી આપી બંનેને મજરા બોલાવી લકઝરી બસમાં બેસાડી ભગાડી જઇ મરજી વિરૂધ્ધ શારીરીક સંબધ બાંધી બળાત્કાર કરતાં છ વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ભોગ બનનાર સગીરા યુવતી દ્વારા ફરીયાદ થઈ ગતી. પોલીસે પોકસોની ફરીયાદ લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ આ કામના આરોપી નં-૧ હર્ષ ભીખાભાઈ પટેલ રહે. ધડકણ તથા આરોપીનં-૨ નિલેષ ઉર્ફે નિલકંઠ મહેશભાઈ પટેલ રહે. શાહપુર તા. જિ. ગાંધીનગરનાઓએ ફરીયાદી સગીર વયની યુવતી તથા અન્ય એક પુખ્ત વયની યુવતીના ફોટા પાડી તેના આધારે તેઓને બદનામ કરવાની ધમકીઓ આપી બંનેને યુવતીઓને મજરા બોલાવી મજરાથી લકઝરીમાં બેસાડી ભગાડી સુરત લઈ જઈ આરોપી નં-૧ હર્ષ ભીખાભાઈ પટેલના સગાના ઘરે રાત્રે રાખી આરોપી નં-૧નાએ ફરીયાદી સગીર યુવતી સાથે તથા આરોપી નં-૨નાએ પુખ્ત વય ની યુવતી સાથે તેઓની મરજી વિરૂધ્ધ તેઓ સાથે છેલ્લાં ત્રણેક માસથી અલગ અલગ જગ્યાએ લઈ જઈ શારીરીક સંબંધો બાંધી બળાત્કાર કરી આરોપી નં-૩ નિલેષની બહેન વિલ્પા રહે. ભુસાવલ નજીક કોઈ ગામમાંએ તેણીના ઘરે રાખી પછા આવતાં ફરીયાદી સગીર યુવતી તથા પુખ્ત વયની યુવતી ને નડીયાદ ઉતારી દઈ આરોપી નં ૧તથા આરોપી નં-૨ ને અલગ લઈ જઈ તેમજ આરોપી નં- ૪ ગીરીશભાઈ જોયતાભાઈ પટેલ રહે. ધડકણનાએ ફોનથી જગ્યા બદલવા જાણ કરી તેમજ સાહેદ ગફુલભાઈને ધમકીઓ આપી તથા આરોપી નં- ૫ નિલેષના કાકાનાઓએ ફરીયાદી સગીર યુવતી તથા પુખ્ત વયની યુવતીઓને ધમકીઓ આપી આરોપીનં- ૬ હર્ષદભાઈ બેચરભાઈ પટેલ રહે ધડકણનાએ ફરીયાદી સગીર વયની યુવતીના માતા-પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી એક બીજાની મદગીરી કરી. પાંતિજ પોલિસ સ્ટેશનમાં સગીર યુવતી કે જેની ઉંમર ૧૭ વર્ષ ૯ માસની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસ આઈપીસી કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો કલમ ૩, ૪, ૧૧(૪), ૧૨, ૧૭ મુજબ ગુનો નોધી પ્રાંતિજ પી.આઇ વી.આર. ચાવડા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## હિંમતનગરમાં ભરપબોરે મહિલાના ગળામાંથી દોરો લૂંટાયો

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં બુધવારે બપોરે પોતાના પૌત્રને રમકડા અપાવવા જઈ રહેલ એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો રૂ. ૫૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા જે અંગે મહિલાએ આ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે મહાવીરનગર વિસ્તારમાં આવેલ હરીઓમ સોસાયટીમાં રહેતા શકુંતલાબેન મોહનલાલ શાહના જણાવાયા મુજબ બુધવારે બપોરે તેણે પોતાના પુત્રના પુત્રને રમકડા અપાવવા મટે જતા હતા ત્યારે રસ્તામાં બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમની નજીક આવી બાઈક પર બેઠેલ એક શખ્સે શકુંતલાબેનના ગળામાંથી અંદાજે રૂ. ૫૦ હજારની કિંમતનો સોનાનો દોરો તોડી બંને શખ્સો ઝડપથી ભાગી ગયા હતા. જો કે મહિલાએ બૂમાબૂમ કરવા છતા બાઈક પર આવેલ આ બંને શખ્સો ભાગવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ સકુંતલાબેને બંને અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## સુર્યા ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી માટે વન ડે કેમ્પ યોજાયો



ભિલોડા, તા. ૧

સુર્યા ફાઉન્ડેશન નવી દિલ્હી દ્વારા સંચાલિત આદર્શ ગ્રામ યોજનાના અંતર્ગત સુર્યા ફાઉન્ડેશન પુરા દેશની અંદર ૨૫ લાખ લોકોને યોગ કરાવશે તેવો સંકલ્પ લીધો છે. સુર્યા ફાઉન્ડેશન દ્વારા આદર્શ ગ્રામ યોજનાના માધ્યમથી ગુજરાતના ૭૦ ગામોની અંદર યોગ દિવસની ઉજવણી કરાશે. આ કાર્યક્રમની ઉજવણી માટે થઈને અરવલ્લીના ભવાનપુરની અંદર યોગ શિક્ષકોનો એક દિવસીય તાલીમ કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમાં આજુબાજુના ગામોના યુવાનોએ ભાગ લીધો હતો. સારી રીતે યોગ દિવસની ઉજવણી થાય તેવો સંકલ્પ પણ લીધો હતો. આ કેમ્પની અંદર આદર્શ ગ્રામ યોજના ગુજરાના પ્રાંત પ્રમુખ વિષ્ણુભાઈ દેસાઈ અને સુર્યા ફાઉન્ડેશનના કાર્યકર્તાઓ મેહુલભાઈ, જયદીપભાઈ, ભાવેશભાઈ વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ સંપન્ન થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## કોંગ્રેસની પંચાયત કો-ઓર્ડીનેશન કમીટીના કન્વીનર પદે ભરતસિંહ વાઘેલાની વરણીને સર્વત્ર આવકાર

પાલનપુર, તા. ૧

ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતો તથા



નગરપાલિકાઓ વધુ સુદૃઢતાથી કામગીરી કરી શકે અને તેનો લાભ પ્રજાના મોટા વર્ગ સુધી પહોંચે તે જરૂરી છે. આ માટે જિલ્લા તાલુકાની ચુંટાયેલ પાંખ અને સંગઠન વચ્ચે સંકલન જળવાઈ રહે અને આવી સંસ્થાઓ વધુ અસરકારક કામગીરી કરી શકે તેના સંકલન માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમીતભાઈ ચાવડા, વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી તથા એ.આઈ.સી.ના ઈન્ચાર્જ રાજીવ સાતવજીએ એક પ્રદેશ કક્ષાની પંચાયત કો-ઓર્ડીનેશન કમીટીની રચના કરવામાં આવેલ છે જેના કન્વીનર તરીકે રાજીવ ગાંધી પંચાયત રાજ સંગઠનના ચેરમેન અને એ.આઈ.સી.ના ડેલીગેટ તથા તાલુકા પંચાયત દીઓદરના પૂર્વ પ્રમુખ ભરતસિંહજી વાઘેલાની કો.ઓ. કમિટીના કન્વીનર તરીકે વરણી કરેલ છે. આ કમીટી તાલુકા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને ટ્રનીંગ દ્વારા સંકલન અને યોગ્ય નેતૃત્વ ઉભુ કરવાનો પ્રયાસ થનાર છે.

દીઓદર તાલુકામાં કોંગ્રેસ પક્ષને મજબુતી બક્ષવા સાથે જિલ્લામાં પણ કોંગ્રેસને યુવાનોમાં આગવું સ્થાન ઉભું કરવામાં મહત્વનો ભાગ ભજવી ભરતસિંહ વાઘેલાએ કોંગ્રેસને મજબુત કરવા ભરપુર પ્રયાસો કરેલ છે જેની પ્રદેશ અને રાષ્ટ્રીય કક્ષાએ આગવી નોંધ લેવાઈ છે અને ભરતસિંહજી વાઘેલાને મહત્વની જવાબદારીઓ આપવામાં આવી રહી છે.

## પાલનપુર ખાતે ૩૦ જુનના રોજ ડાક અદાલત

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા પોસ્ટલ ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોના નિકાલ માટે તા. ૩૦-૬-૨૦૧૮ના રોજ સવારે-૧૧ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા, પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે ફરિયાદ, આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફિસ ઓફ ધી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરને તા.૧૫મી સુધીમાં મળી જાય તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.

## મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા.૧

લોકોની ફરીયાદોના નિરાકરણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૭ જુન ૨૦૧૮ના રોજ યોજાનાર છે. તાલુકા સ્વાગતમાં સંબધિત મામલતદારશ્રીને પોતાના પ્રશ્નો ૧૧ જુન સુધીમાં મોકલી આપવાના રહેશે.તાલુકા સ્વાગતમાં જિલ્લા કક્ષાના વર્ગ ૦૧ ના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે તેમ જિલ્લા કલેકટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સાબરકાંઠાનું ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૪૬.૧૫ ટકા પરિણામ

હિંમતનગર, તા. ૧

માર્ચ ૨૦૧૮માં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ગુરૂવારે જાહેર થતા તેમાં સાબરકાંઠાનું પરિણામ ૪૬.૧૫ ટકા આવ્યુ છે. આ વર્ષે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં અંદાજે ૧૦,૯૪૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ વર્ષે સામાન્ય પ્રવાહમાં એ-૧ ગ્રેડમાં સાબરકાંઠાનો એકપણ વિદ્યાર્થી સફળ રહ્યો નથી. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયના જણાવાય મુજબ માર્ચ ૨૦૧૮માં ધો. ૧૨ સામાન્ય પ્રવાહની શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં કુલ ૧૧,૨૦૭ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા અને તેમાંથી ૧૦,૯૪૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે પૈકી ૬,૧૫૪ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે.

ધો. ૧૦ સામાન્ય પ્રવાહની ૧૬ કેન્દ્રોમાં જિલ્લાના વિવિધ તાલુકાઓની સ્કૂલોના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન દરેક પરીક્ષાખંડમાં સીસીટીવી લગાવાયેલા હોવાને કારણે અગાઉના વષી કરતા ચોરીના પ્રમાણમાં ખુબજ ઘટાડો નોંધાયો છે જેના કારણે કોપીકેસના બનાવ પણ ઘટ્યા છે જેના લીધે હોંશિયાર વિદ્યાર્થીઓને ફાયદો થયો છે.


## વણઝારા સમાજનું ગૌરવ



કુ. યશવી
મગનજીત વણઝારા

તાજેતરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૦ ની પરીક્ષામાં હિંમતનગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ભણતી કુ. યશવી મગનજીત વણઝારા એ ૮૯.૭૧ પર્સનટાઈલ રેન્ક મેળવી હિંમતનગર તથા સાબરકાંઠા જિલ્લા વણઝારા સમાજનું ગૌરવ વધાર્યુ છે. યશવી ભવિષ્યમાં ડૉક્ટર બની ગરીબો અને જરૂરીયાત મંદોની સેવા કરવાની ખેવના ધરાવે છે. યશવીએ પરીક્ષામાં મેળવેલ સિધ્ધિ બદલ અમો તેણીને બિરદાવી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ...

લિ. મગનજીત વણજારા
તથા સમગ્ર વણજારા પરિવાર (હિંમતનગર)